અપીલ અરજી નં.૩૧૫ તા.૩૦–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિલીપસિંહ જી. ઝાલા
સામાવાળાઃ– ડે.કમિશનર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલીપસિંહ જી. ઝાલા ની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના કર્મચારી ન હોય તે વ્યકિત સુરત મહાનગરપાલિકા તરફથી બહાર પાડવામાં આવતા પરિપત્ર મુજબ ખાલી પડેલ જગ્યા પર નિમણુંક થવા માટે અરજી કરી શકે કે કેમ? (૨) સુરત મહાનગરપાલિકાના કર્મચારી ન હોય અને ખાતાકીય પરિપત્રથી અરજી કરી નિમણુંક મેળવી હોય તો તે નિમણુંક નિયમ મુજબની ગણાય કે નિયમ વિરૂધ્ધની તેની માહિતી (૩) સ્ટાફ સીલેકશન કમિટિને અંધારામાં રાખીને નિમણુંક થઈ હોય તેવી વ્યકિતની નિમણુંક તાકીદની અસરથી રદ કરવામાં આવે કે કેમ? (૪) હુકમ નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૯૦ થી થયેલ મુકાદમોની નિમણુંકમાં સ્ટાફ સીલેકશન કમિટિમાં કયા કયા સભ્યો હતા . (૫)સુરત મહાનગરપાલિકાના કર્મચારી નંબર ૧૩૩૬૩ શ્રી જનક કે. જોષીની મુકાદમ તરીકે ખાતાકીય પરિપત્રથી નિમણુંક થયેલ છે તે પરિપત્રની પ્રમાણિત નકલ પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૫/૨૦૦૯–૧૦

શ્રી દિલીપસિંહ જી. ઝાલા ની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી માંગેલ માહિતી બાબતે ડે.કમિશનર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ ઈએસટી /૨૭૬૦ તા.૩૦–૧૧–૦૯ ની આપેલ માહિતીના ૫ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૨,૪, અને ૫ ના આપવામા આવેલ જવાબ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૮ તા.૫–૧–૧૦ થી ડે.કમિશનર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાવક નં.જીએડી/ઈએસટી/૩૨૨૪ તા.૧–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોનમાંથી પર્સોનલ ઓફિસર (મહેકમ) ને સે.ઝોન/ આરટીઆઈ /જાવક/૧૧૪૬ તા.૨૫–૧૧–૦૯ થી તબદી કર્યાના પત્રની નકલ, મુળ અરજીની નકલ, તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૬૦ તા.૪–૧૨–૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિબટ વિગતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૨૭૬૦ તા.૪–૧૨–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ. જેના અનુસંધાને મુદ્દા નં.૨,૪ અને ૫ થી સંતોષ થયેલ ન હોઈ તેવું જણાવી તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. (૧) સુરત મહાનગરપાલિકાના કર્મચારી ન હોય તે વ્યકિત સુરત મહાનગરપાલિકા તરફથી બહાર પાડવામાં આવતા પરિપત્ર મુજબ ખાલી પડેલ જગ્યા પર નિમણુંક થવા માટે અરજી કરી શકે કે કેમ? તેવી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકામાં જે કેડરના ભરતીના નિયમોમાં મહાનગરપાલિકાના કર્મચારીઓ પાસેથી પરિપત્રથી અરજી મંગાવવી ભરતી કરવાનું નિયત કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં મહાનગરપાલિકાના કર્મચારીઓ પાસેથી પરિપત્રથી અરજી મંગાવી ભરતી કરવામાં આવે છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૨) સુરત મહાનગરપાલિકાના કર્મચારી ન હોય અને ખાતાકીય પરિપત્રથી અરજી કરી નિમણુંક મેળવી હોય તો તે નિમણુંક નિયમ મુજબની ગણાય કે નિયમ વિરૂધ્ધની તેવી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકામાં કામ કરતાં ન હોય તેવા કામદાર કર્મચારી પરિપત્રથી અરજી કરી નિમણુંક મેળવી શકતા નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જે બાબતે અરજદારે અપીલ અરજીમાં નિયમ મુજબ કે નિયમ વિરૃધ્ધ બાબતે કોઈ સંતોષકારક માહિતી આપેલ નથી કોઈ વ્યકિત સુરત મહાનગરપાલિકાના કર્મચારી ન હોવા છતાં ખાતાકીય પરિપત્રથી નિમણુંક મેળવી ગયેલ છે તે નિમણુંક નિયમ મુજબ કે નિયમ વિરૃધ્ધની ગણાય. તેવી રજૂઆત કરેલ છે. જે સંદર્ભે અરજદારને સ્ટાફ સીલેકશન કમિટિએ તૈયાર કરેલ પ્રતિક્ષાયાદીમાંથી નિમણુંક આપવામાં આવે છે. જેથી અરજદારને ખાતાકીય પરિપત્ર સંદર્ભેની માહિતી પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે. (૩) સ્ટાફ સીલેકશન કમિટિને અંધારામાં રાખીને નિમણુંક થઈ હોય તેવી વ્યકિતની નિમણુંક તાકીદની અસરથી રદ કરવામાં આવે કે કેમ? તેવી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયમ મુજબની ભરતી ન હોય તો ડયુપ્રોસેસ ઓફ લો અનુસાર આગળની કાર્યવાહી કરવાની રહે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૪) હુકમ નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૯૦ થી થયેલ મુકાદમોની નિમણુંકમાં સ્ટાફ સીલેકશન કમિટિમાં કયા કયા સભ્યો હતા . (૫)સુરત મહાનગરપાલિકાના કર્મચારી નંબર ૧૩૩૬૩ શ્રી જનક કે. જોષીની મુકાદમ તરીકે ખાતાકીય પરિપત્રથી નિમણુંક થયેલ છે તે પરિપત્રની પ્રમાણિત નકલ પુરી પાડવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ભરતી અંગેના ઘણા લાંબા સમયનો રેકર્ડ હોય ઓફિસમાંથી મળી આવેલ નથી. તેવી

માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ અરજીમાં નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૯૦ મુજબ મુકાદમોની થયેલી નિમણુંકમાં સ્ટાફ સીલેકશન સમિતિના સભ્યોના નામ તથા તે અંગે ખાતાકીય પરિપત્રની નકલ બાબતે અરજદારે મજકુર કર્મચારી શ્રી જનક કે. જોષી કર્મ નં.૧૩૩૬૩ બાબતે તા.૨૩–૧૦–૦૯ ના રોજ માહિતી માંગણી વખતે પરિપત્ર બાબતેનો રેકર્ડ હતો જયારે ૨૨ દિવસ બાદ સદર માહિતી બાબતેનો રેકર્ડ મળી આવેલ નથી તે માની શકાય તેમ નથી તેવું જણાવી અપીલ અરજીમાં રજૂઆત કરેલ છે.જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પ્રસ્તુત કેસનો રેકર્ડ નાશ નિકાલ કર્યા અંગેની કોઈ નોંધ ઉપલબ્ધ થઈ શકેલ નથી અને રેકર્ડ પણ ઉપલબ્ધ નથી. રેકર્ડ રુલ્સ મુજબ નિમણુંક અંગેનો રેકર્ડ પાંચ વર્ષ સુધી રાખવાની જોગવાઈ છે. વધુમાં મુદ્દા નં.૨ માં જે સંદર્ભે અરજદારને સ્ટાફ સીલેકશન કમિટિએ તૈયાર કરેલ પ્રતિક્ષાયાદીમાંથી નિમણુંક આપવામાં આવે છે. જેથી અરજદારને ખાતાકીય પરિપત્ર સંદર્ભેની માહિતી પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) ની જોગવાઈ હેઠળ જાહેર માહિતી અધિકારી પાસેના ઉપલબ્ધ દફતરની માહિતી આપવાની જોગવાઈ છે. તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર તેની સાથે સુસંગત છે. એ પણ સૂચક છે કે અરજદારે જાહેર સેવકની ભરતી પ્રક્રિયાને લગતો લગભગ બે દાયકા પૂર્વેના દફતરની માહિતી માંગેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી ફરીયાદની હકીકતના સંજોગો તથા પૂરક વિગતોમાં વર્ણવેલ બાબતે ધ્યાને લેતાં કાયદાને સુસંગત જણાય છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનું બાબત હેઠળનું જુનું રેકર્ડ જયાં સુરક્ષા અર્થે રાખવામાં આવ્યું હોય તે દફતર ખંડના દફતરી રજીસ્ટર પરથી પ્રશ્ન હેઠળના દફતર–ફાઈલોની ઉપલબ્ધતાની ચકાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવીને કરવા સ્વતંત્ર છે. જે અંગે કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી લાગુ કિસ્સામાં તેમણે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિલીપસિંહ જી. ઝાલા